શિક્ષકોની વધારે ઘટ ધરાવતા તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧થી ૫ ના વિદ્યાસહાયકોની ભરતી કરવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલફાઇલ-૨૩/ક.
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૩૦/૦૮/૨૦૧૭

વંચાણે લીધા-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૨૭/૦૪/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ ૦૩/૦૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક આરએસકે/૧૦૨૦૧૪/૨૩૦૦(૩)/આર

(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૨૩/૦૯/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૪/૬૬૪૭૬૨/ક

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની સીગલ ફાઇલ ક્રમાંક: પ્રાશિનિ/નીતિ/સીંગલફાઇલ/૨૦૧૭/ક/૨૧ ઉપરની તારીખ ૦૬/૦૭/૨૦૧૭ની નોંધ

ઠરાવ:

રાજ્યના છોટાઉદેપુર, કચ્છ અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં પ્રાથમિક શાળાઓ (ધોરણ ૧થી ૫)માં શિક્ષકોની વધારે ખાલી જગ્યાઓ હોવાના કારણે તે જીલ્લાઓની પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોના શિક્ષણને વિપરિત અસર ન થાય અને તે જીલ્લાઓનાં બાળકોની શૈક્ષણિક સુવિધા જળવાઇ રહે અને પી.ટી.સી./ડીપ્લોમા ઇન એલીમેન્ટરી એજ્યુકેશન (PTC/D.El.Ed.)ની લાયકાત ધરાવતા અને પ્રાથમિક શિક્ષક માટેની શિક્ષક યોગ્યતા કસોટી (TET-I) પાસ કરેલ બેરોજગાર ઉમેદવારોને નોકરી મળે તે હેતુથી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા શિક્ષકોના મંજુર થયેલ મહેકમના આધારે છોટાઉદેપુર, કચ્છ અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં પ્રાથમિક શાળાઓ (ધોરણ ૧થી ૫)માં વિદ્યાસહાયકોની ૧૩૦૦ જગ્યાની ભરતી કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક: (૪) ઉપરની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની સીંગલ ફાઇલ ક્રમાંક: પ્રાશિનિ/નીતિ/સીંગલફાઇલ/૨૦૧૭/ક/૨૧ ઉપરની તારીખ ૦૬/૦૭/૨૦૧૭ની નોંધથી આ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

૨. શિક્ષણ વિભાગના તારીખ ૨૭/૦૪/૨૦૧૧ના ઠરાવ તથા વખતોવખતના ઠરાવ અન્વયે પ્રાથમિક વિભાગ (ધોરણ ૧થી ૫) માટે નિયત કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની સીધી ભરતી કરવાની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની ઉપર્યુક્ત દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે પી.ટી.સી./ ડીપ્લોમા ઇન એલીમેન્ટરી એજ્યુકેશન (PTC/D.El.Ed.)ની લાયકાત ધરાવતા ઉમેદવારોથી ખાસ કિસ્સા તરીકે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે છોટાઉદેપુર, કચ્છ અને દેવભૂમિ દ્વારકા જીલ્લાઓમાં વિદ્યાસહાયકની ૧૩૦૦ જગ્યાઓ વંચાણે લીધેલ ક્રમાંક: (૨) ઉપરના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૦૩/૦૨/૨૦૧૪ના ઠરાવથી મળેલ મંજુરી અન્વયે નીચેની શરતોને આધિન ભરવા આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

(૧) ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર દ્વારા ઉક્ત ત્રણ જીલ્લાના નિયત કરેલ તાલુકાની ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવા સંબંધિત જીલ્લા શિક્ષણ સમિતિ પાસેથી માંગણી પત્રકો મંગાવી જાહેરાત આપવાની રહેશે.

(૨) આ જગ્યાઓ ઉપર નિમણૂંક મેળવવા ઇચ્છતા ઉમેદવારે જીલ્લા શિક્ષણ સમિતિ દ્વારા જે ઉક્ત ત્રણ જિલ્લાઓના જે તાલુકામાં નિમણૂંક આપવામાં આવે તે તાલુકામાં જ દસ વર્ષ સુધી ફરજ બજાવવાની રહેશે. વિદ્યાસહાયકોની ભરતીની જાહેરાત નિમણૂંકના હુકમમાં આ શરતોનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(૩) શિક્ષણ વિભાગના તારીખ ૦૫/૦૭/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક મુજબ નિયત કરેલ જોગવાઇઓનો લાભ લેવા માટે જીલ્લાના અન્ય તાલુકામાં કે જીલ્લા ફેરબદલી માટે નિમણૂંકની તારીખથી ૧૦ વર્ષ સુધી જે તે વિદ્યાસહાયક/શિક્ષક બદલી માટે માંગણી કરી શકશે નહીં. તે મુજબનો ઉલ્લેખ સીધી ભરતીની જાહેરાતમાં તથા સફળ ઉમેદવારોની નિમણૂંકોના આદેશોમાં કરવાનો રહેશે.

(૪) શિક્ષણ વિભાગના તારીખ ૨૭/૦૪/૨૦૧૧ના ઠરાવથી તેમજ તે અંગેના વખતોવખતના સુધારાથી જે કંઇ શરતો, નિયમો નક્કી થાય તે આ ઉમેદવારોને લાગુ પડશે.

(૫) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા આ જગ્યાઓ ઉપર પસંદ થયેલા ઉમેદવારોને જે તે જીલ્લામાં નિમણૂંક આપતી વખતે સંબંધિત જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને નીચે દર્શાવેલ ક્રમ મુજબની અગ્રતા આપવા માટે સૂચનાઓ આપવાની રહેશે.

(૧) શિક્ષક વિનાની કોઇ જ શાળા ન રહે તે જોવું.

(૨) એક શિક્ષકવાળી શાળામાં બીજા શિક્ષકની નિમણૂંક આપવી.

(૩) જે શાળામાં મંજુર મહેકમના ૧૦ ટકા કરતાં વધુ જગ્યાઓ ખાલી હોય તેવી શાળાઓમાં - પ્રથમ નિમણૂંક આપવી.

(૬) ભારત સરકારના તારીખ ૨૮/૧૨/૨૦૧૬ના જાહેરનામાથી The Rights of Persons with disabilities Act, 2016 અમલમાં આવેલ છે. આ એક્ટની કલમ ૩૪(૧)માં દરેક કેડરની કુલ ખાલી જગ્યાના ૪ ટકાથી ઓછા નહીં તે મુજબ અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવી છે પરંતુ તે મુજબની જોગવાઇનો અમલ કરવા અંગે રાજ્ય સરકારે નિર્ણય કરેલ ન હોઇ, પ્રવર્તમાન નીતિ અનુસાર ભરતી પ્રક્રિયા ચાલુ રાખવાની છે. અર્થાત, શિક્ષણ વિભાગના તારીખ ૨૦/૧૦/૨૦૧૬ના જાહેરનામાથી વિદ્યાસહાયકની ભરતીમાં અલ્પ દ્રષ્ટિના ઉમેદવારો માટે ૧.૫ ટકા જગ્યાઓ અને શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો માટે ૧.૫ ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે, તે મુજબ જગાઓ અનામત રાખવાની રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઇલ ઉપર સરકારશ્રીની તારીખ ૨૮/૦૮/૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી( પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ક.ગ.)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ,
  સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર નં. ૧૭, ગાંધીનગર
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
  (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
  (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
  (આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર મુકવાની વિનંતી સહ.)
- સિલેક્ટ ફાઇલ